(કેળવણીખાતાએ મંજુર કરેલી)

વાર્તા વાચનમાળા

બાળપોથી



ભગત.

કિંમત ૦-૧-૬

વાર્તા વાચનમાળા

બાળપોથી

(વાર્તાપદ્ધતિ પ્રમાણે શિક્ષણ આપવા, બાળવર્ગ માટે)

લેખક

રેવ. પ્રેમચંદ ગણેશજી ભગત.

મિશન વોકેશનલ ટ્રેનિંગ સ્કૂલના હેડમાસ્તર-અંકલેશ્વર.

મેસર્સ

કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ, બુકસેલર્સ

એન્ડ પબ્લીશર્સ, નાણાવટ-સુરત.

છપાવી પ્રસિદ્ધકર્તા,

બાલુભાઈ કરસનદાસ નારણદાસ

બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ નાણાવટ–સુરત.

સુરત–ચૌટાના પૂલ ઉપર આવેલા "સુરત સિટિ" પ્રિન્ટિંગ પ્રેસમાં
વજેરામ માનસિંહે છાપ્યું

પ્રસ્તાવના.

ચાલુ જમાનામાં જનસમાજનું લક્ષ શિક્ષણપદ્ધતિ તરફ વિશેષ દોરાએલું જણાય છે. શિક્ષણશૈલીઓ અનેક છે. બાળકના અનુભવોને લક્ષમાં લઈ, તેમને તે અનુભવોમાં ગુંથાએલાં રાખી, જીવનના વિકાસ માર્ગે દોરે તેજ શૈલી શ્રેષ્ઠ ગણી શકાશે. આ નાનકડી ચોપડીમાં આપેલી બાબતો બાળકોના અનુભવમાંથી લીધેલી છે. આ વાર્તાઓ લખવામાં નીચે જણાવેલી બાબતો પર ખાસ લક્ષ રાખ્યું છે.

1. "ઘર" એ આ વાર્તાઓનું કેન્દ્રસ્થાન છે.
2. બાળકના અનુભવને લગતાં અને તેમની રસવૃત્તિને પોષે એવાંજ પ્રાણીઓ અને પક્ષીઓ પસંદ કર્યાં છે.
3. દરેક વાર્તામાં થોડા નવા શબ્દો વાપરી, જુના શબ્દો ફરી ફરીને વાપરવામાં આવ્યા છે.
4. બાલકના અનુભવને લક્ષમાં રાખી સાદા શબ્દો અને ટુંકાં વાક્યો વાપર્યાં છે.
5. "મ્યાંઉં" "વાર્ત્તા" અને "પ્રાર્થના" એ શબ્દો સિવાય બીજે સ્થળે જોડાક્ષરો વાપર્યા નથી.

અનુભવથી અમારી ખાત્રી થઈ છે, કે બાળકો આ વાર્ત્તાઓમાં ઘણોજ રસ લે છે, અને થોડા વખતમાં સારૂં જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. આ વાર્તાઓ "વાર્તાપદ્ધતિ"એ શિખવવાથી લાભ થશે.

વાર્તાપદ્ધતિ.

I. વાર્તા વિદ્યાર્થીઓના મનમાં ઠસાવી કાળાપાટીઆ પરથી વાંચતાં શિખવવી.

(૧) ઘરની વાર્તા, રમત અને વાતચિત મારફતે બાળકોનો પ્રેમ સંપાદન કરો. કોઈ પણ સારી, રસિક વાર્તા કહો.

(૨) પહેલી વાર્તા તમારા પોતાના શબ્દોમાં રસિક રીતે વર્ણવો.

(૩) સવાલજવાબની મારફતે, ફારસ યા સંવાદની મારફતે અથવા વાતચિતની મારફતે વાર્તા વિદ્યાર્થીના મનમાં ઠસાવો.

(૪) પુસ્તકમાંથી વાર્તા ભાવપૂર્વક વાંચી બાળકોની વાંચવાની જિજ્ઞાસાને પ્રેરો.

(૫) વાર્તાનાં અમુક વાક્યો યા આખી વાર્તા બાળકોની મદદથી કાળા પાટીઆ પર લખવી.

"આ" લખી "આ" વાંચવું. "મગન" લખી "મગન" વાંચવું. "છે" લખી "છે" વાંચવું. પછી આખા વાક્ય નીચે સોટી મૂકી "આ મગન છે" એ પ્રમાણે વાંચવું. ત્યાર બાદ બીજું વાક્ય પણ પહેલાની માફક લખવું. પછી આખું વાક્ય વાંચવું. ત્યારબાદ "આ મગન છે." "તેની પાસે દડો છે." એમ વાંચવું. એ પ્રમાણે જેટલાં વાક્યો લખવાં હોય તેટલાં લખવાં અને પહેલેથી વાંચી જવાં.

(૬) પુરો ભાગ લખાઈ રહ્યા પછી શિક્ષકે ધીમેથી અને શબ્દોનો સંબંધ ધ્યાનમાં રાખી યોગ્ય ઢબે ત્રણ ચાર વાર વાંચવું.

(૭) આખા વર્ગે સાથે સાથે વાંચવું.

(૮) એક એક વિદ્યાર્થી પાસે વંચાવવું.

(૯) આખી વાર્તા આગળથી કાગળ પર મોટા અક્ષરે લખી રાખેલી હોય તેના પર વંચાવવું.

અહીં સુધીનું વાચન માત્ર મોઢેનુંજ અને યાદદાસ્તનુંજ હોય છે.

II. વાક્યના ભાગોનું ઓળખાણ.

૧. બીન અનુક્રમે વાક્યના ભાગોનું ઓળખાણ. "મગન પાસે શું છે" ? જ. "તેની પાસે દડો છે." એ ભાગ કોણ બતાવશે ? ન બતાવે તો પહેલેથી વંચાવવું. "તે દડો પોચો છે" એ ભાગ કોણ બતાવશે ?

૨. "એ ભાગ કોણ બતાવશે" જે કહે છે "તે દડો લાલ છે." "તે દડો સારો છે." વર્ગના બે ભાગ પાડી આ રમત રમાડવાથી ઘણો લાભ થશે.

૩. સરખામણીની મારફતે વાક્યના ભાગોનું ઓળખાણ.

૧. વાક્યનાં પત્તાં કાળાપાટીઆ પરનાં વાક્યો પર ધરી સરખાવવાં.

૨. અનુક્રમે કાળાપાટીઆ પરથી વાક્યો વંચાવી વાક્યનાં પત્તાંમાંથી તે વાક્ય શોધી કઢાવી ભીંતપર ઘોડી પર ગોઠવાવવાં. દરેક વખતે વાક્ય વર્ગને દેખાડવું, વંચાવવું પછી ઘોડી પર મૂકાવવું.

૪. એક છોકરાને વાક્યનાં પત્તાં આપવાં, અને શિક્ષક પહેલેથી વાક્યો વાંચે તેમ તેમ તે શોધી કાઢી ઘોડી પર ગોઠવે.

૫. મળતું વાક્ય શોધી કાઢવું, લીટીને અડકવું, અને હાલતી છબીની રમતો રમાડવી.

આ સિવાય બીજી અનેક રમતોની મારફતે બાળકો વાક્યો ગમે ત્યાંથી ઓળખી શકે તેમ કરાવવું. જગ્યાના અભાવે અહીં રમતો આપી શકાય તેમ નથી.

III. શબ્દોની ઓળખાણ.

શબ્દોની ઓળખાણ કરાવવી એ વાર્તાપદ્ધતિનું ત્રીજું અને અગત્યનું પગથીઉં છે.

૧. સ્થાનપરત્વે અને સરખામણીની મારફતે શબ્દોની ઓળખાણ. વિદ્યાર્થીની મદદથી આખો ભાગ પાટીઆ પર લખો. મગનના દડાનો રંગ કેવો હતો? જ. લાલ. "લાલ" કોણ બતાવશે? "દડો" કોણ બતાવશે? તેવાજ શબ્દો વાર્તામાં જ્યાં જ્યાં આવેલા હોય ત્યાં ત્યાં બતાવવા કહેવું. એ પ્રમાણે બધા શબ્દો ઓળખાવો.

૨. શબ્દોનાં પત્તાં બનાવો. દરેકને એક એક શબ્દનું પત્તું આપો. વાંચવા કહો. કાળાપાટીઆ પર તેવાજ શબ્દ શોધી કઢાવો. વંચાવો.

૩. વાક્યોની માફક ઘોડી પર ગોઠવાવો. શબ્દો અનુક્રમે ગોઠવાવો.

૪. શિક્ષક શબ્દનાં પત્તાં એક પછી એક બતાવે અને વિદ્યાર્થીઓ ઉચ્ચાર કરે.

૫. શબ્દનાં પત્તાં તેમની નજર આગળ પસાર કરી જવાં અને પછી તેનો ઉચ્ચાર કરાવવો.

રમતોની મારફતે શબ્દો બરાબર ઓળખે તેટલી શક્તિ વિદ્યાર્થીઓને પ્રાપ્ત કરાવો.

IV. ઉચ્ચારશિક્ષણ યા અક્ષરશિક્ષણ.

1. વાર્તામાંથી એક શબ્દ પસંદ કરો. દા. "લાલ" તેનો ઉચ્ચાર કરાવો. શબ્દના છેલ્લા ભાગ પર ભાર મૂકો. "લ"નો ઉચ્ચાર કરાવો.
2. જે શબ્દોને છેડે "લ" આવતો હોય તેવા શબ્દો માગવા. જેમકે "વાલ" "ગાલ" "તાલ" "હાલ" "માલ" વગેરે.
3. ઉપર જણાવેલા શબ્દોનો સરખો ઉચ્ચાર ધ્યાનમાં લઈ તે ઉચ્ચારનું ચિત્ર પાટીઆ પર લખી તેનો ઉચ્ચાર કરવો. "લ"
4. "લ" લખતાં શિખવવો. વિદ્યાર્થીઓ પાટીઆપરના અક્ષર પર આંગળી ફેરવે, હવામાં ખેંચે, રેતી યા ભોંયપર લખે, મોન્ટેસોરી અક્ષરનાં પત્તાં પર સ્પર્ષ કરે, લાકડાની તખતી પર લખેલા "લ"પર બી યા કાંકરા ગોઠવે, કાળાપાટીઆ પર લખે અને માટીનો નમુનો બનાવે.
5. ત્યાર બાદ "લા" લખતાં શિખવવો.
6. "માલ" યા "ગાલ" શબ્દ લઈ છેલ્લો ઉચ્ચાર લઈ લેવાથી પહેલો ઉચ્ચાર શો રહેશે તે કહાવવું, અને ઉપર જણાવેલી પદ્ધતિએ લખતાં શિખવવું.

બાળવર્ગમાં વાચનનું કામ ઘણીજ ધીરજથી અને ઘણાજ ખંતથી થવાની જરૂર છે. હાલમાં એકજ ધરેડે લેવામાં આવતા કામથી બાળકો કંટાળી જાય છે, અને યોગ્ય ઢબે વાંચતાં આવડતું નથી.

બાળવર્ગના શિક્ષકે રાતદિવસ પ્રયત્ન કરી બાળકોની રસવૃત્તિને પોષે એવી રમતો અને ખેલો દ્વારા વાચન શિખવવાની ખાસ આવશ્યકતા છે. યોગ્ય રીતે વાંચવાનો આત્મા ઉત્પન્ન કરવાથીજ વાચનનો હેતુ સફળ થશે.

અમારી આ અલ્પ કૃતિમાં અગણિત દોષો હશે, પણ તે તરફ ધ્યાન ન આપશો. બાળકોના શ્રેયને લગતી વાતો ધ્યાનમાં રાખી યોગ્ય સુધારાની સૂચના આભાર સાથે સ્વીકારવામાં આવશે.

"આ પુસ્તક તૈયાર કરવામાં માનવંત મીસીસ લોંગે જે જે માર્ગદર્શક અને કીમતી સૂચનાઓ આપી છે તે બદલ તેમનો આભાર માન્યા સિવાય રહી શકાય નહિ."

અંકલેશ્વર
જાનેવારી, ૧૯૨૯

પી. જી. ભગત.



આ મગન છે.
તેની પાસે દડો છે.
તે દડો લાલ છે.
તે દડો મોટો છે.
તે દડો સારો છે.
તે દડો પોચો છે.

મગન તે દડે રમે છે.

ઉચ્ચાર અને અક્ષરશિક્ષણ

લા	લ =	લાલ
વા	લ =	વાલ
મા	લ =	માલ
ચા	લ =	ચાલ
સા	લ =	સાલ
કા	લ =	કાલ
હા	લ =	હાલ
તા	લ =	તાલ


૨.



આ માણી છે.
માણી મગનની બેન છે.
તેની પાસે ઢીંગલી છે.
તે ઢીંગલીનું નામ બબી છે.
તેનાં કપડાં લાલ છે.
તેના વાળ સુંદર છે.
તેની આંખ સુંદર છે.
તે ઢીંગલી સુંદર છે.

ઉચ્ચાર	[illegible]	અક્ષરનિશાણુ
ત	ે	તે
છ	ે	છે
જ	ે	જે
ન	ે	ને
લ	ે	લે

૩.



આ કુતરો છે.

તેનું નામ મોતી છે.

મોતી મગનનો કુતરો છે.

મોતી સારો કુતરો છે.

તેના વાળ સુંદર છે.

તેની આંખ સુંદર છે.



મોતી રોજ મગન સાથે રમે.
મગન અને મોતી દડે રમે છે.

ઉચ્ચાર અને અક્ષરશિક્ષણ

આં	ખ	= આંખ
પાં	ખ	= પાંખ
સું	દર	= સુંદર
ગું	દર	= ગુંદર
ઉં	દર	= ઉંદર

૪.



આ બિલાડી છે.

આ મણીની બિલાડી છે.

બિલાડી મણી સાથે રમે છે.

મણી બિલાડી સાથે રમે છે.



માણી બિલાડીને રમાડે છે.
માણી બિલાડીને જમાડે છે.
બિલાડી રોટલી ખાય છે.
બિલાડી ભાત ખાય છે.



બિલાડી દૂધ પીએ છે.
બિલાડી "મ્યાઉં, મ્યાઉં" બોલે છે.
બિલાડી દડાથી રમે છે.
મણી દડાથી રમે છે.
મણી અને બિલાડી દડાથી રમે છે.

ઉચ્ચાર અને અક્ષરશિક્ષણ

ર મે = રમે
જ મે = જમે
ગ મે = ગમે
અ મે = અમે
ન મે = નમે
ત મે = તમે

૫.



આ મગનની મા છે.
તે મણીની મા છે.
તે મગન અને મણીની મા છે.
તે મગનને ચાહે છે.
તે માણીને ચાહે છે.
તે તેમને રોટલી આપે છે.
તે તેમને શાક આપે છે.
તે તેમને ભાત આપે છે.
તે તેમને દૂધ આપે છે.
તે તેમને રોજ વાર્તા કહે છે.
તે તેમને રોજ ગીત ગવાડે છે.

ઉચ્ચાર અને અક્ષરશિક્ષણ

ગી ત = ગીત
રી ત = રીત
જી ત = જીત

રો જ = રોજ
બો જ = બોજ
ફો જ = ફોજ
હો જ = હોજ

૬.



આ એક છોકરો છે.

આ છોકરો નાનો છે.

આ છોકરો સુંદર છે.

તેનું નામ મનુ છે.

તે મગનનો નાનો ભાઈ છે.

તે મણીનો નાનો ભાઈ છે.

તેની પાસે દડો છે.

તે દડો લાલ છે.

તે દડો સારો છે.

મનુ દડા સાથે રમે છે.

મનુ મગન સાથે રમે છે.

તે છોકરો સુંદર છે.

ઉચ્ચાર અને અક્ષરશિક્ષણ


મ	નુ	=	મનુ
ક	નુ	=	કનુ
ગ	નુ	=	ગનુ

૯.



આ પોપટ છે.
આ મનુનો પોપટ છે.
તેની ચાંચ લાલ છે.
તેની પાંખ લીલી છે.
પોપટ મીઠું મીઠું બોલે છે.
તે બોલે છે "મનુ, મનુ"
"સાહેબજી."

તે બોલે છે "મણી, મણી."
તે બોલે છે "મગન, મગન."
પોપટ રોટલી ખાય છે.
પોપટ ફળ ખાય છે.
પોપટ ચાલે છે.
પોપટ ઉડે છે.



તે પાંજરામાં રહે છે.

આ પોપટ સુંદર છે.

નાનો પોપટ નાની આંખ,
લાલ ચાંચ, લીલી પાંખ;
મીઠું મીઠું બોલે બહુ,
ચાહે મનુ, મગન સહુ.

પાછલા શિક્ષણનું પુનરાવર્તન કરાવવું.

ફૂ	લ	=	ફૂલ
ભૂ	લ	=	ભૂલ
મૂ	લ	=	મૂલ

પાછલા શિક્ષણનું પુનરાવર્તન અને શિક્ષકની ઇચ્છા પ્રમાણે એક યા બે શબ્દો લેવા.

૯.



આ [illegible].

તેનું [illegible].

તે [illegible].

તે [illegible] પે છે.

[illegible] છે.

[illegible] વે છે.

[illegible] છે.

તે [illegible] પે છે.

તે [illegible] પચ છે.

મગનને જોઈ ગાય "બાં, બાં" બોલે છે.

તેને એક નાનું વાછરડું છે.

તે વાછરડાને ચાહે છે.


તે વાછરડું "ભાં, ભાં" બોલે છે.

"ભાં ભાં બોલે વાછરડું, બાં બાં બોલે ગાય,"
"મગન તેમને રોજ રોજ ચરવાને લઈ જાય."

ઉચ્ચાર અને અક્ષરશિક્ષણ

ગા ય = ગાય
જા ય = જાય
ખા ય = ખાય

૯.



આ મગનનું ઘર છે.

આ માણીનું ઘર છે.

આ મનુનું ઘર છે.

તેઓ આ ઘરમાં રહે છે.

તેમનાં માજી આ ઘરમાં રહે છે.

તેમના બાપાજી આ ઘરમાં રહે છે.

આ ઘર આગળ એક નાની વાડી છે.

તે વાડી મગન અને માણીએ બનાવી છે.

તે વાડીમાં સુંદર સુંદર ઝાડ છે.
તે વાડીમાં સુંદર સુંદર ફૂલ છે.
કેટલાંક ફૂલ લાલ છે.
કેટલાંક ફૂલ પીળાં છે.
કેટલાંક ફૂલ વાદળી છે.
કેટલાંક ફૂલ ધોળાં છે.
કેટલાંક ફૂલ ગુલાબી છે.
મગન અને મણી વાડીમાં કામ કરે છે.
મણી તેની માને કામમાં મદદ કરે છે.
કેવાં ભલાં ભાઈ બેન!

૧૦.



આ મગનના બાપાજી છે.
આ માણીના બાપાજી છે.
આ મનુના બાપાજી છે.
તે તેઓને ચાહે છે.
તે તેઓને ખાવાનું આપે છે.
તે તેઓને લુગડાં આપે છે.
તે રોજ કામ કરે છે.
તે ખેડુત છે.

તે જુવાર વાવે છે.

તે બાજરી વાવે છે.

તે ઘઉં વાવે છે.

તે કપાસ વાવે છે.

તે ઘણો ભલો છે.

તે આખો દિવસ કામ કરે છે.

તે સાંજે ઘેર આવે છે.

તે સાંજે પોતાનાં છોકરાંને વાર્તા કહે છે.

તે સાંજે ગીત ગાય છે.

તે સાંજે પ્રાર્થના કરે છે.

મગન, માણી, મનુ સહુ, સાથે સાથે રમતાં બહુ,
કુતરો, પોપટ, બિલી સહુ, તેઓ તેમને ગમતાં બહુ
મા ચાહે, બાપા ચાહે, ચાહે એક બીજાને સહુ,
રોજ રોજ પ્રાર્થે કરે ને, ગીતો સર્વે ગાતાં બહુ;

"કેવું સુંદર ઘર"!!!

વાર્તાવાર શબ્દોની યાદી.

૧

આ
મગન
છે
તેની
પાસે
દડો
તે
લાલ
મોટો
સારો
પોચો
રમે છે.

૨

મણી
બેન
ઢીંગલી
વાળ
કપડાં
આંખ
સુંદર

૩

કુતરો
મોતી
સાથે
તેઓ
રોજ

૪

બિલાડી
રમાડે
જમાડે
રોટલી
ખાય
ભાત
દૂધ
પીયે
મ્યાંઉ
બોલે
અને

૫

મા
ચાહે
તેમને
શાક
વાર્તા
કહે
ગીત
ગવાડે
કેવી
ભલી

૬

નાનો
મનુ
ભાઈ
બોલતો
નથી

૭

પોપટ
ચાંચ
પાંખ
લીલી
મીઠું
સાહેબજી

ફળ
ઉડે
પાંજરામાં
રહે
બહુ
સહુ
૮
ગાય
ગંગા
દહીં
બનાવે
ઘી
સંભાળે
ઘાસ
નાખે
પાણી
પાય
જોઈ

બાં, બાં
ભાં, ભાં
લઈ
જાય
૯
ઘર
આગળ
વાડી
બનાવી
ઝાડ
કેટલાંક
વાદળી
ધોળાં
ગુલાબી
કામ
કરે
મદદ
કેવાં

ભલાં
૧૦
લુગડાં
ખેડુત
જુવાર
વાવે
બાજરી
ઘઉં
કપાસ
ઘણો
ભલો
આખો
દિવસ
સાંજે
પોતાનાં
છોકરાંને
પ્રાર્થના—૧૦૫